Date: 22nd January, 2026

**BSE Limited**
Dept. of Corporate Services,
Phiroze Jeejeebhoy Towers,
Dalal Street,
Mumbai- 400 001
**BSE Scrip Code - 541304**

**National Stock Exchange of India Limited**
Dept. of Corporate Compliances,
Exchange Plaza, C-1 Block-G,
Bandra Kurla Complex,
Bandra (E) Mumbai- 400 051
**NSE Symbol: INDOUS**

**Subject: Newspaper Advertisement relating to unaudited quarterly Financial Results for the quarter ended on 31st December, 2025.**

Dear Sir,

With reference to the subject mentioned above we are submitting the Newspaper Advertisement relating to the Unaudited Quarterly Standalone Financial Results for the quarter ended on 31st December, 2025 published in Western times - English and Western times - Gujarati Newspaper to comply Regulation 47 of SEBI LODR Regulations.

Kindly take it in your record.

Thanking you,

Yours faithfully,

**For, Indo Us Bio Tech Limited**

DIMPY DIVYANGBHAI JOSHI
Digitally signed by DIMPY DIVYANGBHAI JOSHI
Date: 2026.01.22 10:45:03 +05'30'

**Ms. Dimpy Joshi**
**Company Secretary & Compliance Officer**

# પાવાગઢ ખાતે રાજયકક્ષાની છઠ્ઠી આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાઈ

### પ્રથમ, દ્વિતિય તેમજ તૃતીય વિજેતાઓને ટ્રોફી તથા રોકડ ઇનામ એનાયત કરાયું



**(પ્રતિનિધિ) ગોધરા,** રાજ્ય સરકાર દ્વારા રાજ્યના યુવક,યુવતીઓનો સર્વાંગી વિકાસ થાય તથા તેઓની શકિતઓને સર્જનાત્મક અને રચનાત્મક માર્ગે વાળવા વિવિધ સાહસિક પ્રવૃત્તિઓ અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦થી રાજ્યના ચાર પ્રસિધ્ધ પર્વતો પર આરોહણ - અવરોહણ સ્પર્ધાનું આયોજન કરાય છે.જે અન્વયે રમતગમત- યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્ર, પંચમહાલના સંયુક્ત ઉપક્રમે આજરોજ પાવાગઢ ખાતે રાજયકક્ષાની છઠ્ઠી આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાઈ હતી.

પાવાગઢ ખાતે રાજયકક્ષાની છઠ્ઠી આરોહણ- અવરોહણ સ્પર્ધાને હાલોલ પ્રાંત અધિકારી ઈપલ્લાપલ્લી સુષ્મિથાએ પાવાગઢનાં માંચી ખાતેથી રાજ્યભરમાંથી ભાગ લેવા આવેલા ૧૪૧ જેટલા દોડવીરોને લીલીઝંડી બતાવી ફલેગઓફ કરાવ્યું હતું. ઓપન વયજૂથમાં યોજાયેલી આ સ્પર્ધામાં ૧૦૭ ભાઈઓ અને ૩૪ બહેનો મળી કુલ ૧૪૧ સ્પર્ધકોઓએ ભાગ લીધો હતો. જેમાં ભાઈઓમાં નર્મદા જિલ્લાનાં વસાવા ઈનેશ ૨૫.૦૮ મિનિટનાં સમય સાથે અને બહેનોમાં સાબરકાંઠાનાં બોદર ખુશ્બૂબેન ૩૪.૨૮ મિનિટના સમય સાથે પ્રથમ સ્થાને રહ્યા હતા.દાહોદ જિલ્લાનાં સુનિલ મોહનિયા ૨૬.૧૯ મિનિટ સાથે દ્વિતીય અને યાદવ નીરજ ૨૭.૪૨ મિનિટનાં સમય સાથે તૃતીય ક્રમે રહ્યા હતા. જયારે બહેનોમાં ભાવનગર જિલ્લાનાં વેગડ કાજલબેન ૩૪.૫૭ મિનિટનાં સમય સાથે દ્વિતીય તેમજ સોલંકી ચંદ્રિકા ૩૬.૧૮ મિનિટનાં સમય સાથે તૃતીય સ્થાને રહ્યા હતા.આ સ્પર્ધામાં મહાનુભાવોના વરદહસ્તે પ્રથમ ક્રમે રહેલા વિજેતાને રૂ. ૨૫ હજાર, દ્વિતીય ક્રમે રહેલા ખેલાડીને રૂ. ૨૦ હજાર અને તૃતીય ક્રમે રહેલા ખેલાડીને રૂ.૧૫ હજારનું રોકડ ઈનામ તથા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રણ કિમી આરોહણ અને ત્રણ કિમી અવરોહણ મળીને કુલ ૬ કિમીના અંતરની આ સ્પર્ધા યોજાઈ હતી.

# સુનીતા વિલિયમ્સે NASAમાંથી નિવૃત્તિ લીધી

**(એજન્સી) વોશિંગ્ટન ડી સી,** ભારતીય મૂળના યુએસ અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સે ૨૭ વર્ષની ઝળહળતી કારકિર્દી બાદ નાસામાંથી નિવૃત્તિ લીધી છે. નાસાના અધિકારીના જણાવ્યા મુજબ ૨૭ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ સુનિતા નિવૃત્તિ લીધી હતી, આ અંગે સુનીતા વિલિયમ્સ તરફથી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.સુનિતા વિલિયમ્સે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર ત્રણ મિશન પૂર્ણ કર્યા અને સમાનવ અવકાશ યાત્રામાં સંખ્યાબંધ રેકોર્ડ બનાવ્યા છે.નાસાના એડમિનિસ્ટ્રેટર જેરેડ આઈઝેકમે એક નિવેદનમાં જણાવ્યું, ''હ્યુમન સ્પેસ ફલાઈટમાં સુનિતા વિલિયમ્સ એક અગ્રણી નામ રહ્યું છે, સ્પેસ સ્ટેશન પર તેમની આગેવાની હેઠળ થયેલા સંશોધનોએ ભવિષ્યને આકાર આપ્યો છે.''જેરેડ આઈઝેકમે કહ્યું, ''વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે તેમના કાર્યથી ચંદ્ર પર આર્ટેમિસ મિશન અને મંગળ તરફના મિશનનો પાયો નખાયો. તેમણે મેળવેલી અસાધારણ સિદ્ધિઓ આવતી પેઢીઓને સપના જોવા અને સીમાઓને આગળ વધવા માટે પ્રેરણા આપતી રહેશે. નિવૃત્તિ બદલ અભિનંદન, અને નાસા અને આપણા રાષ્ટ્ર પ્રત્યેની તમારી સેવા બદલ આભાર.''સુનિતા વિલિયમ્સે અવકાશમાં કુલ ૬૦૮ દિવસ વિતાવ્યા છે, નાસા તરફથી જે સૌથી વધુ સમય આવકાશમાં વિતાવવા મામલે સુનિતા વિલિયમ્સ બીજા ક્રમે છે.



# નવી દિલ્હી ખાતે ત્રિદિવસીય IICDEM-2026 કોન્ફરન્સનો પ્રારંભ

### ભારતના ચૂંટણી પંચે વિવિધ દેશોના પ્રતિનિધિમંડળના વડાઓનું ઔપચારિક સ્વાગત કર્યું

**(પ્રતિનિધિ) અમદાવાદ,** ભારતના ચૂંટણી પંચ (ઈસીઆઈ) દ્વારા આયોજિત ૩-દિવસીય 'ભારત આંતરરાષ્ટ્રીય લોકશાહી અને ચૂંટણી વ્યવસ્થાપન પરિષદ' (IICDEM) 2026 નો આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે પ્રારંભ થયો. મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી કમિશનરો ડૉ. સુખબીર સિંહ સંધુ અને ડૉ. વિવેક જોશીએ આશરે ૬૦ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓનું ઔપચારિક સ્વાગત કર્યું હતું.

આ ભવ્ય ઉદઘાટન સત્રમાં ૪૨ ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓના પ્રતિનિધિઓ, ૨૭ દેશોના રાજદૂતો/હાઈ કમિશનરો, ૭૦ થી વધુ રાષ્ટ્રીય સંસ્થાઓના નિષ્ણાતો અને ભારતના ૩૬ મુખ્ય નિર્વાચન અધિકારીઓ સહિત આશરે ૧,૦૦૦ આમંત્રિત મહેમાનોએ હાજરી આપી હતી. આ પ્રસંગે મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમારે જણાવ્યું હતું કે, છેલ્લા દાયકાઓમાં ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓની કામગીરીમાં મોટું પરિવર્તન આવ્યું છે. ભારત, વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે, ૧.૫ અબજની વસ્તી અને ૨૮ રાજ્યો તથા ૮ કેન્દ્રશાસિત પ્રદેશોમાં અભૂતપૂર્વ સ્તરે ચૂંટણીઓનું સંચાલન કરે છે.

ચૂંટણી કમિશ્નર ડૉ. સુખબીર સિંહ સંધુએ નાગરિકોના વિશ્વાસને અમૂલ્ય ગણાવતા કહ્યું કે દરેક ચૂંટણીના કેન્દ્રમાં નાગરિક હોય છે. નાગરિકોની પસંદગીનું સન્માન જળવાય તે જોવાની સામૂહિક જવાબદારી ચૂંટણી સંસ્થાઓની છે. જ્યારે ચૂંટણી કમિશ્નર ડૉ. વિવેક જોશીએ પોતાના સંબોધનમાં ઉમેર્યું હતું કે, IICDEM-2026 ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા અને યોગદાન આપનારા સંશોધકો, વિદ્યાર્થીઓ અને નિષ્ણાતોને એક મંચ પર લાવવાનું માધ્યમ બની છે. આ અવસરે IIIDEMના DG રાકેશ વર્માએ થીમ 'સર્વસમાવેશક, શાંતિપૂર્ણ, મક્કમ અને ટકાઉ વિશ્વ માટે લોકશાહી' પર પ્રકાશ પાડીને ૨૧મી સદીમાં લોકશાહીના વ્યાપક અને બહુપરિમાણીય ઉદ્દેશ્યો સ્પષ્ટ કર્યા હતા.

કાર્યક્રમ દરમિયાન વોર્નર બ્રધર્સ ડિસ્કવરીના સહયોગથી નિર્મિત ડોક્યુસિરીઝ ×ઈન્ડિયા ડિસાઈડ્સ× ની ઝલક દર્શાવવામાં આવી હતી. વોર્નર બ્રધર્સ ડિસ્કવરીના મેનેજિંગ ડિરેક્ટર અર્જુન નોહવારે જણાવ્યું હતું કે, આ ડોક્યુસિરીઝ વિશ્વના સૌથી જટિલ મેન્ડેટ ધરાવતી સંસ્થાની કામગીરી અને સામાન્ય ચૂંટણીઓને દ્રશ્યોના માધ્યમથી રજૂ કરે છે.

**દરેક ચૂંટણીના કેન્દ્રમાં નાગરિક હોય છે. નાગરિકોની પસંદગીનું સન્માન જળવાય તે જોવાની સામૂહિક જવાબદારી ચૂંટણી સંસ્થાઓની છે : ચૂંટણી કમિશનર**

# ખેડા જિલ્લાના ૫૮ લોકો સાથે ઉમરાહના બહાને રૂા. ૩૫.૮૫ લાખની ઠગાઈ

### આણંદની અલ ફલાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલકો સામે ગુનો દાખલ

**(પ્રતિનિધિ) નડિયાદ,** અલ ફલાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલકોએ સંધાણા અને આસપાસના ગામના કુલ ૫૮ શ્રદ્ધાળુઓને ઉમરાહની યાત્રાએ લઈ જવાનો વિશ્વાસ આપી કુલ ૩૫,૮૫,૦૦૦ રૂપિયા ઉઘરાવી લીધા હતા. નિયત તારીખે યાત્રાએ ન લઈ જઈ અને નાણાં પરત ન આપી શ્રદ્ધાળુઓ સાથે છેતરપિંડી આચરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ બાબતે માતર પોલીસમાં ફરિયાદ નોંધાય છે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ માતર તાલુકાના ?સંધાણા ગામના પીરૂશા દિવાન મસ્જિદમાં સેવા કરે છે તેમને મક્કામાં ઉમરા કરવા જવાની ખૂબ જ ઈચ્છા છે જેથી તેઓ કોઈ એજન્ટ મળે તો મક્કા ઉમરા કરવા માટે જવા તૈયાર હતા અને તેવો આણંદ ની અલ ફલાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલકો ના માધ્યમથી તેઓ ઉમરા કરી આવ્યા છે જેથી આ ટ્રાવેલ્સ પર તેમને વિશ્વાસ હતો ગત ૧૫ મે ૨૦૨૫ના રોજ પોતાના ગામમાં હતા ત્યારે આણંદ અને વડોદરાના ટ્રાવેલ્સ સંચાલકો ઉમરાહ યાત્રાની જાહેરાત માટે આવ્યા હતા. અગાઉ પણ આ સંચાલકો ગ્રામજનોને ઉમરાહ કરાવી લાવ્યા હોવાથી લોકોએ તેમના પર વિશ્વાસ મૂક્યો હતો. તેઓએ ગામ લોકોને એવી લાલચ આપી હતી કે જે લોકો ચાર માસ અગાઉ નાણાં ભરશે તેમને ૬૫,૦૦૦ રૂપિયામાં અને ત્યારબાદ નાણાં ભરનારને ૭૫,૦૦૦ રૂપિયામાં ઉમરાહ કરાવાશે. આ વાતોમાં આવીને સંધાણા, મોટી ખડોલ, દંતાલી, રતનપુર, ખંભાલી અને બાકરોલ જેવા ગામોના કુલ ૫૮ શ્રદ્ધાળુઓએ કટકે-કટકે રૂપિયા આપવાનું શરૂ કર્યું હતું. લગભગ ? ૩૬,૮૦,૦૦૦ રૂપિયા જેટલી માતબર રકમ પીરૂશા મારફતે આરોપીઓને ચૂકવી હતી. અમુક રકમ બેંક ટ્રાન્સફર અને બાકીની રકમ સાક્ષીઓની હાજરીમાં રોકડા સ્વરૂપે ચૂકવવામાં આવી હતી.

ટ્રાવેલ્સ સંચાલકોએ તમામ યાત્રાળુઓને ૧૭ નવેમ્બર ૨૦૨૫ના રોજ અમદાવાદથી વિમાન માર્ગે ઉમરાહ માટે લઈ જવાનું વચન આપ્યું હતું. જોકે, નક્કી કરેલી તારીખ વીતી જવા છતાં કોઈને યાત્રાએ લઈ જવામાં આવ્યા નહોતા. જ્યારે શ્રદ્ધાળુઓએ ઉઘરાણી કરી ત્યારે સંચાલકોએ વાયદા કર્યા હતા. પરિસ્થિતિ ગંભીર જણાતા પિરુશા દિવાલ મુશ્કેલીમાં મુકાયા હતા જોકે તેમના મારફતે આ રકમ ચૂકવાઈ હોય.. પોતાના સગા-સંબંધીઓ પાસેથી ૧૯ લાખ રૂપિયા ઉછીના લાવી ૨૯ યાત્રાળુઓને અન્ય ટ્રાવેલ્સ મારફતે ઉમરાહ મોકલ્યા હતા. આ બાબતે અગાઉ પોલીસમાં તેમણે અરજી આપી હતી જેથી ટ્રાવેલ્સ ના સંચાલકોએ તમામ લોકોને ઉમરા કરવા મોકલશે તેવી બાયધરી આપી હતી એટલું જ નહીં નોટરી લખાણ કરી આપ્યું હતું યાત્રાળુઓને લઈ જવાની અને નાણાં પરત કરવાની ખાતરી આપી હતી, જેથી જેથી જે તે વખતે આ બાબતે ફરિયાદ થઈ ન હતી પરંતુ ત્યારબાદ પણ ઘણી વખત આ બાબતે સંચાલકોને જણાવ્યા છતાં પણ તેમણે ઉમરા કરવા માટે ના લઈ જતા આખરે પિરુસા દીવાને માતર પોલીસમાં ફરિયાદ આપી છે માતર પોલીસે આ ચારેય શખ્સો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪) અને ૫૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આ ગુનામાં સંડોવાયેલા આરોપીઓ : અનીશ અબુબકર વિરાણીઃ આબાદનગર ઓવરબ્રિજ પાસે, ભાલેજ રોડ, આણંદ., ઈત્તેફાકહુસેન કલંદરહુસેન સૈયદઃ સિરાજી મુસ્તકીમ હૉલ, મલાવ ભાગોળ, પેટલાદ, જી. આણંદ., મહમદઈમરાન મહમદયુસુફ વ્હોરાઃ જમનાબાઈ દવાખાનાની પાછળ, માંડવી, વડોદરા., આસિફ ઈકબાલ સફીમીયા મલેકઃ રાવલી, તા. પેટલાદ, જી. આણંદ

# ઈડરના મોટાકોટડાની વિધવા પર સાસરીયાઓનો ત્રાસ

**(પ્રતિનિધિ) હિંમતનગર,** સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના મોટાકોટડા ગામમાં રહેતી એક વિધવાને છેલ્લા કેટલાક સમયથી ગમે તે કારણસર સાસરીયાઓ દ્વારા અપાતા ત્રાસને લઈને આખરે કંટાળેલી આ વિધવાએ તાજેતરમાં જિલ્લા પોલીસ વડાને લેખિતમાં રજૂઆત કરી યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે. વિધવાએ અગાઉ કરેલા લગ્ન દરમ્યાન એક બાળક છે તેને પણ મોટાકોટડામાં રહેતા તેણીના પરિવારે સ્વિકાર્યો હતો. ત્યારબાદ ત્રાસ આપવાનું શરૂ કરાયું હતું.

આ અંગેની વિગત એવી છે કે મોટાકોટડા ગામે રહેતા વિધવા હેતલબેન અમરકુમાર પટેલે સાસરી પક્ષ સામે ગંભીર આક્ષેપો કરીને લેખિત રજૂઆતમાં જણાવ્યા મુજબ હેતલબેન ધીરાભાઈ પટેલ મૂળ ઈડર તાલુકાના વડિયાવીર ગામની વતની છે. ગત તા.૨૩ એપ્રિલ ૨૦૨૩ના રોજ પરિવારની હાજરીમાં સમાજના રીતરીવાજ મુજબ મોટાકોટડાના અમરકુમાર રઘજીભાઈ પટેલ સાથે કરાયા હતા. લગ્ન બાદ બે વર્ષ સુધી દાંપત્યજીવન સુખમય ચાલતું હતું. દરમ્યાન ગત તા.૨૯ જુલાઈ ૨૦૨૫ના રોજ હેતલબેનના પતિ અમરભાઈનું આકસ્મિક અવસાન થતાં તેમના જીવનમાં દુ:ખનો પહાડ તૂટી પડયો હતો.

પતિના અવસાન બાદ સીધી લીટીના વારસદાર તરીકે હેતલબેનનું નામ મિલ્કતમાં દાખલ થવું યોગ્ય હોવા છતાં સાસરી પક્ષ દ્વારા તેમને મિલ્કતમાં ભાગ આપવો ન પડે તે માટે હેરાનગતિ શરૂ કરવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો છે. હેતલબેનના અગાઉના લગ્નમાંથી એક પુત્ર છે, જેને લગ્ન સમયે અમરભાઈ દ્વારા દતક લઈને લેખિત દસ્તાવેજ તથા રજીસ્ટરમાં વારસદાર તરીકે નોંધણી કરાવી હતી. તેમ છતાં અમરભાઈના અવસાન પછી સાસરીયાઓ દ્વારા મિલ્કત મુદ્દે હેતલબેનને માનસિક તથા સામાજિક રીતે હેરાન કરવામાં આવતા હતા. હેતલબેનનો પુત્ર હાલ ધો.૧૦માં અભ્યાસ કરતો હોવાથી તેણી ત્રાસ સહન કર્યો હતો. પરંતુ સહનશક્તિની હદ પાર થતાં તેમણે અગાઉ જાદર પોલીસ સ્ટેશન તેમજ ત્યારબાદ મહિલા પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી કરી હતી. છતાં સાસરિયા પક્ષની હેરાનગતિ ચાલુ રહેતા અંતે હેતલબેને બે દિવસ અગાઉ જિલ્લા પોલીસ વડાને લેખિત રજૂઆત કરી છે. કે જો તેમને યોગ્ય ન્યાય નહીં મળે તો તેઓ મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી ને ઈચ્છામૃત્યુની માંગ કરવા મજબૂર બનશે. આ ઘટનાને લઈ વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે હવે તંત્ર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે તે જોવાનું રહયું.

# નડિયાદ સંતરામ મંદિરમાં ૧૯૫મા સમાધિ મહોત્સવની ઉજવણી શરૂ

**(પ્રતિનિધિ) નડિયાદ,** નડિયાદના સુપ્રસિદ્ધ અને લાખો શ્રદ્ધાળુઓના આસ્થાના કેન્દ્ર સમાન શ્રી સંતરામ મંદિર ખાતે યોગીરાજ અવધૂત સંતરામ મહારાજના ૧૯૫માં સમાધિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. સનાતન ધર્મના સંરક્ષણ અને પ્રચાર-પ્રસારના ઉમદા હેતુ સાથે યોજાઈ રહેલા આ મહોત્સવમાં વિવિધ સેવાકીય અને સત્સંગના કાર્યક્રમોની વણઝાર જોવા મળી રહી છે. પરમ પૂજ્ય મહંત રામદાસજી મહારાજની પ્રત્યક્ષ નિશ્રામાં આ તમામ ધાર્મિક વિધિઓ અને વ્યાખ્યાન માળાઓનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં દેશભરમાંથી ખ્યાતનામ સંતો અને ચિંતકો ઉપસ્થિત રહી ભક્તોને જ્ઞાનગંગાનો લાભ કરાવી રહ્યા છે.

આ મહોત્સવના પ્રારંભિક તબક્કે મહંત રામદાસજી મહારાજ દ્વારા રચિત 'શ્રી સંતરામ યોગીરાજ માનસ સપ્તાહ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ડીસાના પ્રખ્યાત કથાકાર રણછોડ દાદા આચાર્યના મુખે ૧૯ થી ૨૧ જાન્યુઆરી દરમિયાન આ કથાનું રસપાન કરાવવામાં આવ્યું હતું. આ સાથે જ આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ ધરાવતા ચિંતક અને સંત સ્વામી અનુભવાનંદજી મહારાજ દ્વારા અષ્ટાવક્ર ગીતા જેવા ગહન વિષય પર વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો પણ યોજવામાં આવ્યા હતા, જેનો બહોળી સંખ્યામાં જિજ્ઞાસુ ભક્તોએ લાભ લીધો હતો.

આ મહોત્સવનું મુખ્ય આકર્ષણ અને ગુજરાતમાં સૌ પ્રથમવાર યોજાઈ રહેલી 'શિવાજી કથા' છે. અયોધ્યા રામ મંદિરના કોષાધ્યક્ષ તેમજ મથુરાની શ્રીકૃષ્ણ જન્મભૂમિ ન્યાસના ઉપાધ્યક્ષ અને રાષ્ટ્રીય સંત ગોવિંદ દેવગીરીજી મહારાજના મુખે આ કથાનું પઠન કરવામાં આવશે. નડિયાદના સંતરામ સમાધિ ચોક ખાતે તારીખ ૨૩ જાન્યુઆરી થી ૨૯ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન દરરોજ સાંજે ૪ થી ૭ કલાકના સમયગાળામાં આ કથા યોજાશે.

# ગુજરાત ભાજપ પ્રદેશ મહામંત્રીએ પંચમહાલ જિલ્લાની મુલાકાત લીધી

**(પ્રતિનિધિ) ગોધરા,** પંચમહાલ જિલ્લાના પ્રવાસ દરમિયાન ગુજરાત ભાજપના પ્રદેશ મહામંત્રી તથા મધ્ય ઝોન પ્રભારી હિતેન્દ્રસિંહ ચૌહાણે જિલ્લામાં સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે તમામ મંડલ સ્તરની બેઠકો યોજી હતી. તાજેતરમાં તેમને ગુજરાત ભાજપ સંગઠનના મહામંત્રી તરીકે નિયુક્તિ મળ્યા બાદ તેમજ મધ્ય ઝોનના પ્રભારી તરીકે જવાબદારી સોંપાયા બાદ તેમની આ પ્રથમ મહત્વપૂર્ણ જિલ્લાકક્ષાની મુલાકાત રહી.

હિતેન્દ્રસિંહ ચૌહાણે પંચમહાલ જિલ્લાના વિવિધ મંડલોમાં સંગઠનાત્મક બેઠકો લઈ કાર્યકર્તાઓ સાથે સીધી ચર્ચા કરી હતી. આ દરમિયાન ભાજપના શક્તિ કેન્દ્રના પ્રમુખ-ઉપપ્રમુખથી લઈને તાલુકા અને શહેરના હોદ્દેદારો, તાલુકા તથા જિલ્લા પંચાયતના સભ્યો અને સંગઠનના આગેવાનો સાથે પરિચય કરી માર્ગદર્શન આપ્યું હતું.

ગોધરા શહેરના ભાજપ કાર્યાલય કમલમ ખાતે આયોજિત કાર્યક્રમમાં શહેર અને તાલુકાના તમામ સંગઠન કાર્યકર્તાઓની વિશાળ બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે પંચમહાલ જિલ્લા ભાજપ પ્રમુખ મયંકભાઈ દેસાઈએ આવનારી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને તમામ કાર્યકર્તાઓને અત્યારથી જ સક્રિય બની પોતાની જવાબદારી નિભાવવાનો આહવાન કર્યું હતું.

કાર્યક્રમમાં પંચમહાલ જિલ્લા ભાજપ સંગઠન પ્રભારી ભરતભાઈ ડાંગરે કાર્યકર્તાઓને સંબોધતા જણાવ્યું હતું કે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પોતાને પણ ભાજપના એક સામાન્ય કાર્યકર્તા તરીકે ગણાવી નવા અધ્યક્ષને 'બોસ' તરીકે સંબોધ્યા છે, જે વાતથી દરેક કાર્યકર્તાએ પ્રેરણા લેવી જોઈએ.

પ્રદેશ મહામંત્રી હિતેન્દ્રસિંહ ચૌહાણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ભાજપ સંગઠનની મજબૂતી જ જીતની ખાતરી છે.

# લવજી બાદશાહની ૬૦ લાખની લક્ઝુરિયસ કાર બળીને ખાખ

### આગ પાછળ શોર્ટ સર્કિટ કારણભૂત હોવાનું મનાય છે

**(એજન્સી) સુરત,** શહેરના ખટોદરા વિસ્તારમાં આજે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સુરતના જાણીતા ઉદ્યોગપતિ લવજી બાદશાહની કિંમતી લક્ઝુરિયસ કારમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. ગણતરીની મિનિટોમાં જ રૂપિયા ૬૦ લાખની કિંમતની કાર બળીને લોખંડના માળખામાં ફેરવાઈ ગઈ હતી.

મળતી માહિતી મુજબ, લવજી બાદશાહની નંબરઃ જીજે-૦૫-ઈઊ-૦૭૩૧ નંબર ની કિયા કાર્નિવલ કાર ખટોદરા સ્થિત શોરૂમમાંથી સર્વિસ કરાવીને પરત જઈ રહી હતી. ડ્રાઈવર કાર લઈને ખટોદરા કોમ્યુનિટી હોલ પાસેથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે અચાનક ચાલુ ગાડીમાં ધુમાડા નીકળવાનું શરૂ થયું હતું અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

આગ લાગતાની સાથે જ ડ્રાઈવર સમયસૂચકતા વાપરી તુરંત કારની બહાર નીકળી ગયો હતો, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી.આસપાસના લોકોએ તાત્કાલિક ફાયર એક્ટિંગ્યુશર વડે આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આગ એટલી ભીષણ હતી કે તેના પર કાબુ મેળવવો મુશ્કેલ બન્યો હતો. ઘટનાની જાણ થતા જ મજુરા અને ઉધના ફાયર સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ગણતરીની મિનિટોમાં આગને કાબુમાં લીધી હતી.

પ્રાથમિક દ્રષ્ટિએ આ ભીષણ આગ પાછળ શોર્ટ સર્કિટ કારણભૂત હોવાનું મનાઈ રહ્યું છે. જોકે, આ લક્ઝુરિયસ કારમાં આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા માટે ફાયર વિભાગે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.રૂપિયા ૬૦ લાખની કિંમતની આ મોંઘીદાટ કાર આગમાં સંપૂર્ણપણે ખાખ થઈ ગઈ છે. સદનસીબે કોઈ જાનહાનિના સમાચાર નથી.

# મેળામાં ચાલતી રાઈડ અચાનક તૂટી પડી, ૧૫ બાળકો ઈજાગ્રસ્ત

**(એજન્સી) ભોપાલ,** મધ્ય પ્રદેશના ઝાબુઆ જિલ્લામાં આયોજિત એક સ્થાનિક મેળામાં મોટી દુર્ઘટના ઘટી છે. જેમાં અચાનક એક રાઈડ પડી જવાથી લગભગ બે ડઝન બાળકો ઈજાગ્રસ્ત થયા હતા. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. ઝાબુઆ જિલ્લામાં મેલામાં બનેલી રાઈડ દુર્ઘટનાને લઈને પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે, શરૂ રાઈડ દરમિયાન અચાનક રાઈડનું સંતુલન બગડ્યું અને નીચે જમીન પર પડી ગઈ. રાઈડ પડવાની દુર્ઘટનાને પગલે ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ છવાયો હતો. ઘટનામાં ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં ૧૫ જેટલાં બાળકોને દાખલ કર્યા હોવાનું સામે આવ્યું છે. જેમાંથી ૭-૮ બાળકોની હાલત ગંભીર હોવાનું જણાય છે.

રાઈડ દુર્ઘટના બાદ ફરી એકવાર મેળા અને મનોરંજનના સાધનો પર સુરક્ષાને લઈને સવાલો ઉભા થયા છે. સ્થાનિકોનું કહેવું છે કે, મનોરંજન માટે મેળામાં રાઈડ્સ કોઈપણ યોગ્ય સુરક્ષા વગર ચલાવવામાં આવે છે. ન તો સાધનોની તપાસ કરવામાં આવે છે કે ન તો ઈમરજન્સીની વ્યવસ્થા જોવા મળે છે.

સોશિયલ મીડિયા પર આ ઘટના વાઈરલ થતાં જ યુઝર્સ તરફથી પ્રતિક્રિયાઓનો પ્રવાહ શરૂ થઈ ગયો છે. ઘણા લોકોએ તેને માત્ર અકસ્માત તરીકે સ્વીકારવાનો ઈનકાર કર્યો. એક યુઝરે લખ્યું, ×આ માત્ર અકસ્માત નથી, પરંતુ ગુનાહિત બેદરકારી છે.× બીજા એક યુઝરે નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, ભારતમાં કોઈપણ પ્રકારના સાહસનો પ્રયાસ ન કરો. અહીં કોઈ સેફ્ટી ચેક કરાતી નથી, બધું ભગવાન ભરોસે ચાલે છે.


## સૂચના

DSP MUTUAL FUND

ડીએસપી મ્યુચ્યુઅલ ફંડ દ્વારા સંચાલિત આગામી ઈન્વેસ્ટર જાગરુકતા પ્રોગ્રામ ('આઈએપી')ની આ સાથે સૂચના આપવામાં આવે છે. આઈએપીની વિગતો નીચે મુજબ છેઃ

| દિવસ અને તારીખ | સરનામું | સમય |
|---|---|---|
| Thursday, 22nd January 2026 | Belligio Restaurant, Banquet, Kheda, Nadiad, Gujarat | 6:30 PM |

તમામ આઈએપી વિશેની અદ્યતન જાણકારી માટે મુલાકાત લો dspim.com/IAP an અને અન્ય તમામ ઘટસ્ફોટ માટે મુલાકાત લો dspim.com/IEID. ડીએસપી મ્યુચ્યુઅલ ફંડ દ્વારા રોકાણકારના શિક્ષણ અને જાગરુકતા માટેનું પગલું. **મ્યુચ્યુઅલ ફંડમાંનાં રોકાણો બજારનાં જોખમોને આધીન છે, યોજના સંબંધિત બધા દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**



## PARAMOUNT COSMETICS (INDIA) LIMITED

PARAMOUNT

CIN: L24240GJ1985PLC008282
**Regd. Office:** Plot No. 165/B-15 & 16, 2nd Phase G.I.D.C, Vapi, District Valsad, Gujarat-396195
**Corp. Office:** 902-904, 9th Floor, Prestige Meridian-1, 29 M.G. Road, Bangalore0560001.
**Tel:** 91 80 25320870/71 • **Email:** compliance.officer@parammount.com • **Website:** www.parammount.com

**NOTICE OF 1ST EXTRAORDINARY GENERAL MEETING FOR THE FINANCIAL YEAR 2025-26 AND E-VOTING INFORMATION AND BOOK CLOSURE**

NOTICE is hereby given that the 1st Extra Ordinary General Meeting (EGM) for the Financial Year 2025-26 of the Company will be held on Friday, the 13th day of February, 2026 at 11:00 A.M.(IST) through Video Conference (VC) or Other Audio Visual Means (OAVM) without the requirement of physical presence of the members at a common venue, to transact the business as set out in the Notice. The Company has sent the Notice of the EGM on 21st January 2026, through electronic mode to Members whose email addresses are registered with the Company/Depositories in accordance with applicable provisions of the Companies Act, 2013, read with General Circular Nos. 20/2020 dated and 10/2022 dated 28 December, 2022 issued by the Ministry of Corporate Affairs (MCA read with SEBI Circular dated 5th January, 2023. Recently, MCA, vide General Circular No.09/2024 dated September 19, 2024, has extended the option to conduct the EGM through VC. The notice of the EGM will also be made available on the Company's website, at https://www.parammount.com/annual-reports, BSE Limited at www.bseindia.com, and on the website of CDSL at www.evotingindia.com.

The Members of the Company are hereby informed that pursuant to the Regulation 44 of LODR Regulations, 2015 and Section 108 of the Companies Act, 2013, read with Rule 20 of the Companies Management and Administration (Amendment) Rules, 2015, the Members are provided with the facility to cast their votes on all resolutions set forth in the Notice of the EGM using electronic voting system (e-voting) provided by Central Depository Services (India) Limited (CDSL).

The Register of Members and the Share Transfer Books of the Company will remain closed from Saturday, 07th February 2026, to Friday, 13th February 2026 (both days inclusive) for the purpose of determining shareholders for the EGM. Members holding shares either in physical form or dematerialized form, as on 06th February 2026, being the cut-off date, may cast their vote electronically on the business as set forth in the Notice of the EGM. The remote e-voting period commences from Tuesday, 10th February 2026 (09:00 A.M.) and ends Thursday on 12th February 2026 (05:00 P.M.). The e-voting module shall be disabled by CDSL thereafter. Those Members who shall be present in the EGM through the VC/OAVM facility and have not cast their votes on the Resolutions through remote e-voting and are otherwise not barred from doing so, shall be eligible to vote through the e-voting system during the EGM. A Member may participate in the Meeting even after exercising his right to vote through e-voting but shall not be allowed to vote again at the Meeting. The detailed procedure and instructions for remote e-voting and e-voting for the EGM are given in the notice of the EGM.

In case of any queries, the Members may refer to the Frequently Asked Questions (FAQs) for members and e-voting User Manual for members available at the download section of **https://www.evotingindia.com/userdocs/FAQs.pdfor** send an email to CDSL help desk at helpdesk.evoting@cdslindia.com or call 022-23058542 / 43.

The results of remote e-voting and e-voting at the EGM along with the Scrutinizer's Report will be placed on the Company's website and on the website of CDSL **(www.evotingindia.com)** within two working days of passing of the resolutions at the EGM to be held on 13th February, 2026 for information to the Members and communicated to the BSE Limited.

For Paramount Cosmetics (India) Limited
Sd/-
**Hiitesh Topiiwaalla**
Managing Director
**DIN: 01603345**

**Place: Bangalore**
**Date: 21st January 2026**



## નામ બદલેલ છે

મેં મારું જુનું નામ **મલીક ફરહત આબીદહુસેન** હતું, જે બદલીને **મલીક ફરતબીબી આબીદહુસેન** કરેલ છે.
**સરનામું :** એ-૩૦, એલીકોન ટાવર, મકતમપુરા, અમદાવાદ-૩૮૦૦૫૫
4440B

## નામ બદલેલ છે

મેં મારું જુનું નામ **મલેક મુનીરાબીબી અઝીઝમહમદખાનજી** હતું, જે બદલીને **મલેક મુનીરાબીબી અઝીઝમોહમદખાનજી** કરેલ છે.
**સરનામું :** દરબારગઢ, તા- દસાડા, સુરેન્દ્રનગર-૩૮૨૭૫૦
4440

## નામ બદલેલ છે

મેં મારું જુનું નામ **મલેક અઝીઝમહમદખાનજી રુસ્તમખાનજી** હતું, જે બદલીને **મલીક અઝીઝમોહંમદખાનજી રુસ્તમખાનજી** કરેલ છે.
**સરનામું :** દરબારગઢ, તા- દસાડા, સુરેન્દ્રનગર-૩૮૨૭૫૦
4440A



**વેસ્ટર્ન ટાઇમ્સ**

**વેસ્ટર્ન ટાઇમ્સ**માં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

**-જાહેરખબર મેનેજર**



**AHMEDABAD MUNICIPAL TRANSPORT SERVICE**
Central office, Transport House,
Jamalpur, Ahmedabad 380022
**WORKSHOP DEPARTMENT**
**E TENDER cum Auction**
**NO: WM/11/2025*2026**
**AMCADVAMT2526BA3**

| | |
|---|---|
| Tender notice to display Advertisement on Hired different type of Buses. | Tender Details, terms & conditions on **www.advisionamc.com** (on **www.ahmedabadcity.gov.in** only Information is available) |
| Last date of online E-Tender cum e Auction offer submission date & time | Date: 17/02/2026 up to 17:00 hrs on **www.advisionamc.com** |

**Published by AMTS**



## INDO US BIO-TECH LIMITED

**(CIN: L01122GJ2004PLC043550)**
Regd. Office: 309, Shanti Mall, Satadhar Cross Road, Sola Road, Ahmedabad-380 061, (Gujarat) India
Website: www.indousagriseeds.com E-Mail ID: indouscs@gmail.com

**Extract of Statement of Unudited Financlal Results for the Quarter ended 31st December, 2025**

**(Amounts in Lakhs)**

| PARTICULARS | Quarter ended 31-12-2025 (Unaudited) | Quarter ended 30-09-2025 (Unaudited) | Quarter ended 31-12-2024 (Unaudited) | Year ended 31-03-2025 (Audited ) |
|---|---|---|---|---|
| Total income from operations | 2,280.33 | 3,087.27 | 2,358.27 | 10,402.04 |
| Profit/(Loss) before exceptional items and tax | 316.32 | 355.89 | 501.74 | 1,653.06 |
| Exceptional items- Prior Period Items Profit/(Loss) before tax | 316.32 | 355.89 | 501.74 | 1,653.06 |
| Total tax expenses | 1 6.66 | 1 0.68 | (3.71) | 26.32 |
| Net Profit/(Loss) for the period/year | 299.66 | 345.21 | 505.45 | 1,626.74 |
| Total comprehensive income for the period/year | 299.45 | 344.57 | 504.32 | 1,627.26 |
| Paid-up equity share capital (face value of Rs.10 per share) | 2,005.20 | 2,005.20 | 2,005.20 | 2,005.20 |
| Other equity (excluding revaluation reserve) | | | | 5,846.65 |
| EPS in Rs. (Face Value of Rs.10/- each)* | | | | |
| -Basic | 1.49 | 1.72 | 2.52 | 8.11 |
| -Diluted | 1.49 | 1.72 | 2.52 | 8.11 |

**Key numbers of Standalone Financial Results:**

| PARTICULARS | Quarter ended 31-12-2025 (Unaudited) | Quarter ended 30-09-2025 (Unaudited) | Quarter ended 31-12-2024 (Unaudited) | Year ended 31-03-2025 (Audited ) |
|---|---|---|---|---|
| Total income from operations | 2,280.33 | 3,087.27 | 2,358.27 | 10,402.04 |
| Profit/(Loss) before tax | 316.32 | 355.89 | 501.74 | 1,653.06 |
| Net Profit/(Loss) for the period/year | 299.66 | 345.21 | 505.45 | 1,626.74 |

**Notes**: Note : The above is an extract of the detailed format of Financial Results for the Quarter ended 31st December, 2025 filed with the Stock Exchanges under Regulalion 33 of he SEBI (Listing and Other Disclosuré Reguirements) Regulation, 2015. The full format of the Financial Results are available on the Stock Exchange: website: www.bseindia.com, www.nseindia.com and on the Company's website www.indousagriseeds.com.

Date : **21-01-2026**

For INDO US BIO-TECH LIMITED
*Sd/-*
*Ms. Priyanka Ajudia*
*(ExecutiveDirector)*
*(DIN: 07941023)*